# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૪/૦૪/૨૦૨૫ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૪૫૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૮૦૯ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૦૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૧૬ બિયર ટીન, ૧ લોડીંગ રિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૩૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૪૫૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૪૫૭/૨૦૨૫**

**નવરંગપુરાઃ** મેહુલ રાજેન્દ્રકુમાર લલવાણી (ઉ.વ.૩૪) (રહે. ચતુરભુજ કોલોની ગોરધનવાડી ટેકરા કાંકરીયા મણીનગર) એ તા.૦૩/૦૪/૨૦૨૫ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને–૨૦૧૮ થી થી તા.૨૨/૦૨/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા આશ્રમ રોડ બાટા હાઉસની સામે નિર્માણ હાઉસ ઓફિસ નંબર–૪૦૪ ખાતે આરોપી (૧) બીપીનભાઈ તથા (૨) નીલેશભાઈ નાઓએ ભેગા મળી મેહુલ લલવાણીના સ્કોપ ઈન્ફ્રાસ્ટ્રકચર નામની ભાગીદારી પેઢી " શ્રીનાથજી એપાર્ટમેન્ટના" તથા "કામેશ્વર જય એપાર્ટમેન્ટ" માં ભાગીદાર હોય ભાગીદારી પેઢીના નામનો ઉપયોગ કરી નીલેશભાઈ નાઓના નામે બાપુનગર રખીયાલ બ્રાંચ કોટક મહેન્દ્ર બેન્કમાં સ્કોપ ઈન્ફ્રાસ્ટ્રકચરના નામે કરંટ ખાતુ ખોલાવી ઉપરોકત બન્ને સાઈટના ગ્રાહકોના બાનાખત આધારે લોન પાસ કરાવી લોનના નાણાં મેળવી તેમજ કાંકરીયા મણીનગર નાગરીક સહકારી બેન્ક લી. ખાતામાં મેહુલ લલવાણીના પેઢીના ભળતુ સ્કોપ ઈન્ફ્રા નામથી ખાતુ ખોલાવી જેમાં નાણાંના વ્યવહાર કરેલ તથા મેમ્બરોના બુકીંગ એમાઉન્ટના નાણાં લેટરપેડ ઉપર લખાણ કરી નાણાંની પોતાના અંગત ઉપયોગ કરી ઉચાપત કરી હતી, તેમજ "કામેશ્વર જય એપાર્ટમેન્ટ" ની કંન્ટ્રકશન સાઈટ ઉપર નવા મેમ્બરોનુ બુકીંગ મેળવી મેમ્બરો પાસેથી પણ રોકડ રકમ મેળવી કુલ રૂપિયા ૧૦,૨૬,૬૯,૫૯૪/– કંપનીના એકાઉન્ટમાં જમા નહી કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.સુશ્રી જી.એમ.ચૌધરી ચલાવે છે.

**સરખેજઃ** શરદભાઈ લાભશંકર ગોર (ઉ.વ.૫૦) (રહે. સટલ સ્કાઈ ફલેટ મેટ્રો મોલ પાછળ શાંતિપુરા સર્કલ એસ.પી.રીંગરોડ સરખેજ) એ તા.૦૩/૦૪/૨૦૨૫ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૬/૨૦૨૪ થી તા.૨૦/૦૧/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) અમીત સુરેશ ગાંધી (રહે. સપ્ત શૂંગી નિવાસ અંબિકાનગર વાસિદીન તા–શાહપુર, જિ–થાણે તથા શિવસાગર, પ્લોટ નં. ૨૫૭, સેક્ટર–૫, ઘાંસોલી, નવી મુંબઈ થાણે મહારાષ્ટ્ર) એ ઝસ્ટ લોજીસોલ્યુશન પ્રા.લિ.ટ્રાન્સપોર્ટના કુલ ૯૨ બીલના કુલ રૂપિયા ૩૩,૩૫,૫૦૦/– માંથી ૩૮ બીલના રૂપિયા ૧૧,૯૯,૫૦૦/– ઝસ્ટ લોજીસોલ્યુશન પ્રા.લિ.ટ્રાન્સપોર્ટમાં બતાવી બાકીના ૫૪ બીલના રૂપિયા ૨૧,૩૬,૦૦૦/– કે.કે.રોડવેજ કંપનીના પોતાના મળતીયા વેન્ડરના એકાઉન્ટમાં જમા કરાવડાવી કંપની સાથે વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.કે.રબારી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૪૫૮/૨૦૨૫**

**નારોલઃ** વિકાસ મહેશ્વર ઝા (રહે. વિનોબાભાવેનગર હાથીજણ સર્કલ પાસે તા.દસક્રોઈ અમદાવાદ) એ તા.૦૩/૦૪/૨૦૨૫ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૨/૨૦૨૫ કલાક ૦૦/૩૦ થી કલાક ૧/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મોઢા ઉપર માસ્ક પહેરલ હાલતમા બે પુરૂષ જેતલપુર ચોસર રોડ શીયા એન્જીનીયરીંગ પ્રોજેકટ ઇન્ડીયા પ્રા.લીમીટેડ નામની કંપનીના પાછળના ભાગે દિવાલ કુદી કંપનીમા પ્રવેશ કરી કંપનીમાંથી અલગ-અલગ વજનના તથા માપના કોપર બસબાર પાટા નંગ-૨૯ કિમત રૂપિયા ૧૩,૫૧,૩૮૮/- ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.ડી. સાંબડ ચલાવે છે.

**લુંટઃ-** **સમાચાર યાદી નં.૪૫૯/૨૦૨૫**

**શહેરકોટડાઃ** તરુણ અજબસિંહ (ઉ.વ.૧૯) (રહે. બડુલીનયાગામ,પોસ્ટ-જરોડા પાંડા, જી-સહારનપુર, ઉત્તરપ્રદેશ) નાઓ તેમના સંબંધી સાથે વતનથી ટ્રેઈનમાં બેસી તા.૦૩/૦૪/૨૦૨૫ સવારના ૫/૩૦ વાગ્યાના સુમારે સાબરમતી રેલવે સ્ટેશન આવ્યા હતા, ત્યારબાદ શટલ ઓટો રિક્ષામાં બેસી સાબરમતી રેલવે સ્ટેશનથી કાલુપુર રેલવે સ્ટેશન જઈ રહ્યા હતા ત્યારે રિક્ષા ચાલકે રિક્ષા કાલુપુરબ્રીજ નજીક અવાવરુ વાળી જગ્યાએ રિક્ષા લઈ જઈ રિક્ષા ઉભી રાખી રિક્ષા ચાલક તેમજ અન્ય એક પુરૂષે ભેગા મળી છરી બતાવી તરુણ અજબસિહ થતા તેમની સાથેના સંબંધી પાસેથી રોકડ રૂપિયા ૮,૩૦૦/- અને બે મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૧૭,૩૦૦/- લુંટ કરી, તરુણ અજબસિહ થતા તેમની સાથેના સંબંધીને રિક્ષામાંથી ઉતારી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ તરુણ અજબસિહએ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.પી.ગૌસ્વામી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી